
UNITED INTERNATIONAL ✝ AMERICAN CHRISTIAN NEWS

GUJAJARATI CHRISTIAN SOCIETY ✝ અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

NEW YORK & NEW JERSEY ✝ FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN

Phone # (732) 855-0596 ╬ email:jospausa@yahoo.com ✝ EDITOR: JOSEPH PARMAR

*(A NOT-FOR-PROFIT ORGANIZATION)* ✝ ISSUE–101 YEAR–33, May-June-2012



**તંત્રીની કલમે આ પત્ર...** આજથી 40-45 વર્ષો અગાઉ ગુજરાતી ક્રિશ્ચિયનોની અમેરિકામાં કાયદેસર આવવાની શરૂઆત થઈ હતી. આજે 2012 સુધીમાં "ગુજરાતી ખ્રિસ્તી"ઓ સારી એવી સંખ્યામાં યુએસએમાં વસવાટ કરી રહ્યા છે. છતાં ભારત કે ગુજરાતની અન્ય જાતિ-ધર્મના લોકોની સરખામણીમાં "ગુજરાતી ખ્રિસ્તીઓ" અમેરિકામાં પણ લઘુમતિમાં છે. "અમેરિકામાં ગુજરાતી ખ્રિસ્તીઓ" વિષય ઉપર પુસ્તક લખાય તેવી ઘણાની ઈચ્છા છે. જો અમેરિકામાં વસતા ગુજરાતી ક્રિશ્ચિયનો સહકાર આપે તો આ ઈચ્છા શક્ય બને ખરી. જો રસ હોય તો પોતાની વિગત લખી મોકલવા વિનંતી છે, આપની વિગત ખાનગી રહેશે. સંદર્ભ તરીકે ઉલ્લેખ કરીને અથવા અન્ય નામથી પુસ્તકમાં વિગતો મૂકી શકાય. આટલી બાબત જણાવીને એક બીજા ખાસ પ્રશ્ન ઉપર વાચકોનું ધ્યાન દોરવા માગું છું. કુટુંબ, સગાંસંબંધી, મિત્રો, સમાજ, નોકરી-ધંધો, વગેરે છોડીને કાયમી વસવાટ કરવાના હકથી અમેરિકામાં આવીને આપણે શું મેળવ્યું? શું ગુમાવ્યું?

માને કે ના માને, અમેરિકામાં સ્થિર થયેલા દરેક "ગુજરાતી ક્રિશ્ચિયન'ને આ પ્રશ્ન લાગુ પડે છે. આ પ્રશ્નોના જવાબ માટે ખાસ વિચાર આપણે કરતા નથી. વતનમાં રહેતા હતા અને અમેરિકા જવાનાં સ્વપ્નો જોયાં હશે, અને જ્યારે અમેરિકા જવાની શક્યતા ઊભી થઈ હશે, ત્યારે રોમાંચિત થઈને બસ હવે ક્યારે અમેરિકા પહોંચી જવાય? અમેરિકા જઈને પૈસાદાર થઈ જઈશું, કાર ખરીદીને અમેરિકામાં મોજથી ફરીશું, અમેરિકામાં રહીને ઘણા સુખી થઈ જઈશું, વગેરે જેવા વિચારોની વણઝાર મગજમાં ફરતી થઈ ગઈ હશે. અમદાવાદ કે મુંબઈથી વિમાનમાં મુસાફરી કરવાની ઘડી તો જીવનની ધન્ય ઘડી બની ગઈ હશે. જો અમેરિકા જવાના છો, તેવી જાણ કરી દીધી હશે તો સગાં-સંબંધી, મિત્રો, પડોશીઓ, સામાજિક આગેવાનો, પાસ્ટર અને પ્રીસ્ટ, સાથે નોકરી કરનાર, વગેરે આપણા પ્રત્યે માન-અહોભાવથી વર્તતા હશે અને તે આપણને ગમતું પણ હશે, ઘણું જ ગમતું હશે. અમેરિકા જવાની તૈયારી, ત્યાં શું શું લઈ જવાય તેની યાદી અને ખરીદી, અને અમેરિકા જવા વિમાનમાં ઊડવાનો દિવસ જલ્દી આવી જાય તેવી છાની ઈન્તેજારીમાં રાત્રિની ઊંઘ પણ વેરણ થઈ જતી હશે! બસ, અમેરિકા એટલે સમૃધ્ધિનો દેશ, સ્વપ્નોનો દેશ, પરીઓનો દેશ, વિશ્વનો સુખીમાં સુખી દેશ, અને આપણે હવે ત્યાં રહેવા જવાના! આહાહા, શી વાત છે? અને બસ આવી માનસિક પરિસ્થિતિમાં અમેરિકા જઈને સુખી જ થઈ જવાના, એવા વિચારોની યાદી લંબાતી જ જાય, લંબાતી જ જાય, એક અનેરો આનંદ દિલ-દિમાગમાં ઉછાળા મારી રહ્યો હોય, તેમાં અમેરિકા જઈને આપણે ખરેખર શું મેળવીશું અને શું ગુમાવીશું, તેવા પ્રશ્નોને તો મન-ચિત્તમાં સ્થાન જ ક્યાંથી મળે? આકાશમાં ઊડતા મનને ધરતી ત્યારે તો દેખાતી જ નહિ હોય!

ચાલો, આકાશમાંથી વિમાન પણ ધરતી ઉપર ઉતરતું હોય તો અમેરિકામાં આવીને આપણે જમીન પર પગ માંડી વિચારીએ, આપણે શું મેળવ્યું? તેનો ખરેખરો વાસ્તવિક હિસાબ માંડીએ! અમેરિકામાં આપણને બોલાવનાર કે જેના નિવાસે નવા નવા ઉતર્યા હોઈએ, તેઓ અમેરિકાની 'લાઈફ સ્ટાઈલ' અંગે સૂચનાઓ આપશે, અને તેમાં કશું પણ ખોટું નહિ હોવા છતાં આપણને નહિ ગમે! આપણું મન કહેશે; 'મારા-અમારાં જેવા 30-40-50 વર્ષની ઉંમરનાંને તમે-તું સમજાવે છે?' ન્હાવાના બાથટબની ગરમ-ઠંડા પાણીની સૂચના, ઘરમાં બેસવા-ઉઠવા-સૂવાની સૂચના, ખાવા-ચાપાણી અંગે સૂચના, બાથરૂમ. બેડરૂમ લોક-અનલોક કરવાની સૂચના, ઘરની બહાર જવા, ડોરની ચાવી સાથે રાખવી, અંગ્રેજી આમ બોલવું, વગેરે ઘણી બધી સૂચનાઓ અમેરિકામાં નવા આવનારને રહેવાની સરળતા રહે તે માટે જ હોય, બસ, સાંભળીને મનમાં ને મનમાં આપણો પીત્તો જાય! આપણને ઘણું લાગી આવે! 'આપણને આ શું સમજતા હશે?' 'અમે શું સાવ ગામડિયાં છીએ?' 'આખું ઈન્ડિયા ફર્યાં છીએ', વગેરે પ્રત્યાઘાતો મનોમન વિચારીને જેમણે અમેરિકામાં સૌપ્રથમ ઉતારો આપ્યો હોય, તેમના પ્રત્યે છાનો અણગમો, ભાવિમાં સંબંધ તોડી નાખવાનાં બીજ રોપતાં જાય છે. વિચારજો, અમેરિકાની ધરતી ઉપર આવીને પહેલા પગથિયે કશું મેળવ્યું કે ગુમાવ્યું?

બીજા તબક્કામાં આવે છે, જોબ-નોકરીની શોધ! બોલાવનાર કે ઉતારો આપનાર એવું તો ન જ ઈચ્છાતાં હોય કે આપણે નવા નવાં છીએ અને આપણને નોકરી ના મળે? 'આપણી લાઈનની નોકરી મળતી નથી', 'આ લોકો બતાવતાં નથી.' 'લાઈનની નોકરી મળે તેમાં આ લોકો રાજી નથી લાગતાં!' બસ, અમેરિકામાં આવીને ઝટપટ પૈસાદાર થવાનું આપણું સ્વપ્નું કકડભૂસ તૂટી ગયું. 'બધો જ દોષ બોલાવનારનો!' 'આપણને પહેલેથી કહ્યું હોત તો અમેરિકામાં આવત જ નહિ', 'અમારે તો ત્યાંજ (વતનમાં) અમેરિકા હતું!' લ્યો કરો વાત? ભાવિમાં સામસામે થઈ જવાના સંબંધીઓ સામેના મોરચો માંડવાની શરુઆત આ રીતે થાય છે, આ બીજા પગથિયામાં શું મેળવ્યું? સંબંધોમાં તિરાડ! બેસવાની ડાળ ઉપર કુહાડીનો ટચકો! (વધુ ક્રમશ:)

**આત્મિક ધનવાન!** –*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

'સભા શિક્ષક' 5:19 જેને ઈશ્વરે દ્રવ્ય તથા ધન આપ્યું છે, તેનો ઉપયોગ કરવાની, આનંદ માણવાની શક્તિ આપી છે. એવા દરેક માણસે જાણવું કે, એ ઈશ્વરનું દાન છે. ધન ઈશ્વર આપે છે. ઘણું ધન કેટલીક વખત મુશ્કેલી લાવે છે. કોઈ કારણસર જો આપણે ધન મૂકી રાખીએ તો પણ મુશ્કેલી આવી શકે છે. જો એ ધન બીજાના હાથમાં જતું રહે તો પણ તકલીફ થાય છે, દુરોપયોગ થવાનો પણ સંભવ રહે છે. પ્રભુ કરતાં ધનને વધુ ચાહનારા પણ દુનિયામાં હોય છે. માર્ક 10:17-22માં જુવાન ધનવાનની વાત આવે છે. ધનવાન છે પણ અનંત જીવનનો વારસો પામવા ઈસુ પાસે દોડતો આવે છે. અનંત જીવન પામવાની તૈયારી બતાવી પણ કલમ 22માં કહેલી વાત જાણીને તેનું મોં ઉતરી ગયું. કારણ, પ્રભુએ તેને કહ્યું કે, *"તારું બધું વેચીને ગરીબોને આપી દે."* ધન એને માટે મુશ્કેલીરૂપ બન્યું. નિયમ પ્રમાણે જીવે છે, કરણી પણ કરે છે, પણ પ્રભુએ આપવાનું કહ્યું ત્યારે ઉદાસ થઈ ગયો અને ચાલ્યો ગયો. પ્રભુ સાથેનો સંબંધ તૂટી ગયો. ધન-સંપત્તિ સંબંધ તોડે છે. ધનને જ મહત્ત્વ આપવાથી અશાંતિ અને અઘટિત બનાવો જીવનમાં બને છે.

માથ્થી 6:19 દુન્યવી ધન, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને ચોર ચોરી જાય છે. યુવાન અને પ્રભુની વચ્ચે તેનું અપાર ધન અંતર પાડી ગયું. યુવાન વચનને આધીન થઈ શક્યો નહિ. તે સમજી ના શક્યો કે, એકલું ધન જ નહિ, સાથે સાથે તેની આવડત, પ્રેમ, દયા, સેવા, વગેરે જેવું જે સઘળું ધન તેનું હતું તે બધું વહેંચવાનું હતું અનંત જીવનને કે ધનનો વારસ પામે, તે તેણે પસંદગી કરવાની હતી. પ્રભુએ તક આપી, પ્રભુએ પોતાનો જીવ આપ્યો. પ્રભુ વારંવાર આપવા કહે છે.

ધનથી જોખમ આવે છે. નીતિવચન 15:16 ઘણું ધન હોય તે સાથે સંકટ હોય તેના કરતાં થોડું ધન હોય તે ઉત્તમ. પણ સાથે યહોવાહનો ડર-ભય હોત તે વધુ ઉત્તમ છે. આ સાથે બીજા ધનવાનની વાત યાદ આવે છે. લૂક 12:15 સાવધાન રહો અને લોભથી દૂર રહો! કેમકે, કોઈનું જીવન તેની પુષ્કળ મિલ્કતમાં નથી. બીજા ધનવાનને સારી ઊપજ થઈ. તેણે કહ્યું, મારી માલ-મિલ્કત ભરી મૂકીશ. અને મનથી કહ્યું, હે જીવ, ખા, પી અને આનંદ કર. પણ પ્રભુ કહે છે, અરે મૂર્ખ! આજ રાત્રે તારો જીવ લઈ લેવામાં આવશે. લૂક 12:21 જે પોતાને સારુ દ્રવ્ય એકઠું કરે છે, તે દેવ પ્રત્યે ધનવાન નથી. પ્રભુ કહે છે, કશાની ચિંતા ના કરો, તેના વિનાનું જીવન ભયાનક છે. ઊંટને સોયના નાકામાંથી પેસવાનું સહેલ છે, પણ ધનવાનને દેવના રાજ્યમાં જવું મુશ્કેલ છે. ધન અનિશ્ચિત છે. નીતિવચન 23:5 દ્રવ્ય ગગનમાં ઊડી (પાન 2 ઉપર)

"અમેરિકન ક્રિશ્ચિયન ક્રિશ્ચિયન ન્યૂઝ", કૉમ્યુનીટીના અને અન્ય વિષેશ સમાચારો જાણવા માટેની લોકપ્રિય વેબ સાઈટ: *jagadishchristian.com*

જનાર ગરૂડ પક્ષીના જેવી પાંખો નિશ્ચિત ધારણ કરે છે. કુદરતી અને આત્મિક કૃપાદાનો અને કુનેહ છૂપાવવાનાં નથી, પ્રભુ માટે વાપરવાનાં છે, કેમકે, દરેકે પોતાના જીવનનો હિસાબ આપવાનો છે.

ધનવાને પૈસા પર પ્રેમ કરીને ધનને મજભૂત રીતે પકડી રાખ્યું. 1 તિમોથી 6:8-10 જે અન્ન વસ્ત્ર મળે તેનાથી સંતોષી રહેવાનું છે. ધનવાન થવાની ઈચ્છા પરીક્ષણો, ફંદા તથા ઘણી મૂર્ખ અને નાશકારક તૃષ્ણામાં પાડીને અધોગતિ અને નાશમાં ડૂબાડે છે. તેના લોભથી કેટલાક વિશ્વાસી ભટકી ગયા, આનાન્યા અને સાફીરા જેવા મોતને ભેટ્યાં. ઘણાં દુ:ખોથી વિંધાયાં. દ્રવ્ય મેળવવું ખરાબ નથી પણ તેનો લોભ અને લાલચ માણસને નાશમાં લઈ જાય છે.

દ્રવ્યનો વાસ્તવિક ઉપયોગ ગીત. 62:10 શોષણખોરી પર ભરોસો રાખશો નહિ, અને લૂંટ અંગે અભિમાન કરશો નહિ. જો ધન વધે તો તે પર મન લગાડો નહિ. "બાઈબલ'માં ઘણાં ધનવાનો છે. ઈબ્રાહીમ, ઈસહાક, યાકુબ, અયૂબ, દાઉદ અને સુલેમાન રાજા અને બાર્ઝિલ્લાય જેવા પણ ધનવાન છે કે જેણે દાઉદ રાજાની મદદ કરી હતી. ફસલ જરૂર આવશે. ગલાતી 6:8-9 દેહને અર્થે વાવે તે વિનાશ લણશે, પણ આત્માને અર્થે વાવે તે આત્માથી અનંત જીવન લણશે. સારું કરતાં થાકવું નહિ ને કાયર નહિ થઈએ તો યોગ્ય સમયે લણીશું. દેવને પ્રથમ સ્થાન આપીએ. પ્રભુ હૃદય તરફ જુએ છે. યર્મિયા 17:10 હું યહોવાહના મનમાં શું છે તે શોધી કાઢું છું. હું અંત:કરણને પારખું છું. હું દરેકને તેના આચરણ ને કરણીઓ પ્રમાણે બદલો આપું છું. ખરાં બાળકો તેની ઈચ્છા અને દોરવણી પ્રમાણે કરે છે. રૂમી 8:14 દેવના આત્માથી દોરાય છે તેટલા દેવના દીકરા છે. ગરીબ વિધવાએ બે દમડી નાખી. લૂક 6:38 આપો ને તમને અપાશે. જે માપથી તમે આપશો, તે માપથી પાછું અપાશે. વિધવા વિશ્વાસુ સ્ત્રી હતી. તેણે ઈબ્રાહીમ, અયૂબ, વગેરે ધનવાનોની વાત સાંભળી હતી તેમના તરફથી તેને વિશ્વાસ મળ્યો હતો. ઈબ્રાહીમે દીકરાને પાછો રાખ્યો નહિ. ઈસહાકે નિયમો અને વિધિઓ પાળ્યાં હતાં. ઉત્પત્તિ 26:12-13 તે જ વર્ષે વાવણીમાં સો ગણું પામ્યો અને દેવે તેને આશીર્વાદ દીધો. વિધવાએ તંગીમાં સર્વસ્વ દાનમાં નાખ્યું.

દુન્યવી વાનાં નાશવંત અને ક્ષણભંગૂર હોય છે. જે અગત્યનું છે તે તો ઈશ્વર સાથેનો સંબંધ. જે કંઈ આપીએ છીએ તેના કરતાં પ્રભુ અનેકગણું પાછું આપે છે. લોભ કે લાલચની આત્મા સાથે સરખામણી ના થાય. અહીં અબુબેન આદમની વાત યાદ આવે છે. એક મુસાફરે તેના રાજમહેલમાં જઈને રાજાને કહ્યું, *"હું આ મુસાફરખાનું જોવા આવ્યો છું."* રાજાએ કહ્યું, *"આ તો રાજમહેલ છે."* તો તેણે રાજાને કહ્યું, *"આપના પહેલાં અહીં કોણ રહેતું હતું?"* રાજાએ કહ્યું, *"મારા પિતા, દાદા, પરદાદા, વગેરે."* ત્યારે મુસાફરે કહ્યું, *"એક આવે અને બીજો જાય તે મુસાફર કહેવાય. તેથી આ મહેલ પણ એક મુસાફરખાનું જ છે."* રાજાની આંખો ખુલી ગઈ. ધન-વૈભવ, કરતાં ઈશ્વર અને આત્મા જ મહત્ત્વના છે. આખું જગત મેળવે ને જીવની હાનિ થાય તો શો લાભ? લોભ અને આત્માની સરખામણીમાં કોનો જય થાય? શું આજે આપણે આધ્યાત્મિક ધનવાન થઈશું?

**"બાઈબલ સ્ટડી"**-એપ્રિલ, 2012ના જવાબો મોકલનાર વિજેતાઓ:
1. શ્રીમતિ વેલેન્ટીના ટેલર-જર્સી સીટી, 2. શ્રી. એમેલિયાબેન ક્રિસ્ટી-જર્સી સીટી, 3. રૂહામાબેન એન. સોલંકી-જર્સી સીટી, 4. શ્રી. ભાનુબેન ક્રિસ્ટી-કેલિફોર્નિયા, 5. શ્રી. સ્ટેલ્લા એમ. પરમાર-નોર્થ બર્ગન, 6. માગ્રેટબેન એમ. ક્રિસ્ટી-ફ્લોરિડા, 7. વીરબાળા પી. ક્રિશ્ચિયન, 8. દયાબેન પરમાર-કેલિફોર્નિયા. સૌને અભિનંદન! ઉપરોક્ત યાદી વાંચવાથી જણાય છે કે, બેનો જ ફક્ત "બાઈબલ સ્ટડી"માં રસ ધરાવે છે. પુરૂષવર્ગ પણ ભાગ લઈને પોતાના જ્ઞાનનો પરચો આપે, તેવી અપેક્ષા!

**"બાઈબલ સ્ટડી"**-મે-જૂન, 2012.

**પ્રશ્ન: જુદી જુદી વસ્તુઓ પ્રભુ યહોવાહની છે. એ વસ્તુઓ નિર્ગમન, લેવીય, ગીતશાસ્ત્ર, (20થી 90 અધ્યાયો) તથા હઝકીયેલ, પુસ્તકોને આધારે જણાવી, રેફરન્સ આપો.** (ઓછામાં ઓછી દસેક વસ્તુઓ જણાવો)

**માતૃદિન તથા પિતૃદિન નિમિત્તે**-*જોઈસી જોવેટ ક્રિશ્ચિયન, (Union City, NJ)*

ઘણીવાર રમૂજી કિસ્સાઓ દ્વારા આપણે જીવનને સ્પર્શતી અને પ્રકાશ આપતી બાબતો શીખી શકીયે છીએ. મે-જૂન માસ દરમ્યાન માતૃદિન તથા પિતૃદિનની ઉજવણીના કાર્યક્રમો કરીએ છીએ. પિકનીક કે કૌટુંબિક ઉજવણી, ખાણીપીણી, વગેરે કરી માતાપિતાને વધાવીએ છીએ. નીચેના બે રમુજી દાખલા આપણને માતાપિતાનો પ્રેમ, જવાબદારી, કાળજી, વગેરે અંગે કંઈક સંદેશ આપી શકશે.

પાંચ છ વર્ષની ઉંમરનાં બાળકોને સન્ડે સ્કૂલ શિક્ષિકાએ સુંદર રીતે સ્વર્ગ વિશે તથા તેમાં કઈ કઈ બાબતો આપણને આનંદ આપી શકે એવી હોય, એ વિશે વિસ્તૃત્તપણે સમજાવ્યું. બાદમાં બાળકોને એક સવાલ પૂછ્યો: *"બાળકો, તમારામાંથી કોને કોને આવા સુંદર સ્વર્ગમાં જવા ગમશે?"* શિક્ષકે ધાર્યા મુજબ બધાં બાળકોએ હાથ ઊંચા કર્યા, પરંતુ નાના ટીનુએ તેનો હાથ ઊંચો કરવાની તસ્દી લીધી નહિ.
સન્ડે સ્કૂલટીચરે ટીનુને પૂછ્યું,

*"ટીનુ, તને સ્વર્ગમાં જવા નહિ ગમે?"* ટીનુએ ઠાવકાઈથી કહ્યું, *"મને સ્વર્ગમાં જવા ગમશે ખરું, પણ આજે તો નહિ જ"* ટીચરે પૂછ્યું, *"કેમ ટીનુ, આજે કેમ નહિ?"* ટીનુએ શરમાતા શરમાતા કહ્યું, *"આજે મારી મમ્મીએ મને ગમે છે, માટે દૂધપાક બનાવ્યો છે."*

બાળકો સાથે માતાનો સંબંધ બહુ જ ગાઢ હોય છે. બાળકની પસંદગી-નાપસંદગી બાળકની માતા જેટલી સમજી શકે એટલું ભાગ્યેજ કોઈ બીજું સમજી શકે. મિત્ર તરીકે માતા આગળ બાળક મન ખોલીને વાત કરી શકે છે. સુખદુ:ખ, મુશ્કેલી, માંદગી, ઉપરાંત જીવનમાં આવતા ચઢાવ-ઉતારના પ્રસંગોમાં માતા જ બાળકોને સહારો આપી શકે છે. માતૃપ્રેમની હૂંફ અને ટેકો બાળક માટે તૈયાર જ હોય છે. માતાનો ખોળો ખૂંદવો, માતાના ખભે માથું ટેકવવું, એ બાળક માટે એક સ્વર્ગ સમાન બની શકે છે. તેથી તો ગુજરાતીમાં કહેવત છે કે, *"મા તે મા, બીજા વગડાના વા."* યહૂદીઓમાં પણ જાણીતી કહેવત છે, *"કોઈ મહાન પ્રેમ હોય તો તે માતાનો પ્રેમ છે."*

બીજી રમૂજી વાતના કિસ્સામાં એક પિતા નાનપણમાં પુત્ર કઈ દિશામાં વળી શકે એ વલણ નિહાળવા જિજ્ઞાસા સેવે છે. ટીએજર સ્વપુત્ર બૉબનું માનસ તપાસવા પિતા બૉબના રૂમના ટેબલ પર એક ચાંદીનો સિક્કો, એક વાઈન બોટલ તથા એક પ્લેબોય મેગેઝીન મૂકે છે. ત્યારબાદ આ પિતા બૉબ જોઈ ના શકે એ રીતે બૉબના રૂમમાં સંતાઈ ગયા. આ પિતાએ મનમાં વિચાર્યું, 'જો બૉબ ચાંદીનો સિક્કો લઈ લે તો તે બેન્કર અથવા એકાઉન્ટન્ટ બની શકશે. જો વાઈનની બોટલ પ્રતિ રસ ધરાવશે તો તે કદાચ ભવિષ્યમાં 'દારૂડિયો' કે 'બેવડો' બની બેસે તો નવાઈ નહિ.' 'જો પ્લેબોય મેગેઝીન પ્રત્યે ઉત્સાહી જણાશે તો તે સ્ત્રીઓ પ્રત્યે આકર્ષિત રહેનાર બનશે.' આવા વિચારો કરતા પિતા ધીરજ ગુમાવી બેસે એ પહેલાં બૉબે સ્કૂલમાંથી છૂટી પોતાના રૂમમાં એન્ટ્રી મારી. ટેબલ પરની વસ્તુઓ જોઈ ચાંદીનો સિક્કો પ્રથમ લઈ ગજવામાં મૂક્યો. ત્યારબાદ બૂટમોજાં કાઢ્યાં, વાઈન બોટલમાંથી એક ઘૂંટડો સારી પેઠે પી લીધો. અને પછી કપડાં પહેરી પ્લેબોય મેગેઝીન લઈ બાથરૂમનાં બારણું બંધ કરી બેસી ગયો. સંતાઈ રહેલા પિતાએ આ બધું નજરોનજર જોઈ અફસોસપૂર્વક નિસાસો નાખ્યો, "મારો સુપુત્ર બૉબ તો પોલીટીશિયન થવાના તમામ લક્ષણો ધરાવે છે."

આ બીજા રમૂજી કિસ્સામાં પિતા પોતાના પુત્રના વલણ સંબંધી સજાગ છે. બાળકના મિત્ર બની તેની ક્ષમતા તથા લક્ષણો તપાસે છે. જરૂર પડ્યે તેને સીધે માર્ગે વાળવા પ્રયત્ન કરે છે. પોતાના બાળકોની વર્તણૂક તપાસી તેને યોગ્ય માર્ગે વાળવા પિતાની ફરજ છે. બાળઉછેરમાં ફક્ત માતાએ જ નહિ, પણ પિતાએ પણ રસ ધરાવવો આવશ્યક છે.

"જે માર્ગે બાળકે ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપવું જોઈએ" નીતિ. 22:6 જરૂર પડ્યે બાળકને ધાકધમકી, સામદામથી પણ શીખવવું પડે. ક્યારેક પ્રેમથી પણ ઘણાં બાળકોને સમજાવી શકાય. આજે બાળકોના જીવનની કઈ બાબતો આપણને સુખ આપે છે કે દુ:ખી કરે છે? જો બાળકો માબાપને આનંદ આપતાં હોય, માબાપ તેઓના શિસ્તબધ્ધ સુંદર જીવનનો બદલ ગર્વ લઈ શકે એમ હોય તો માતાપિતા તરીકે આપણે સફળ થયાં છીએ એમ જાણવું. જો બાળકો કહ્યામાં ન હોય, શિસ્તનું પાલન ન કરતા હોય, અવળે માર્ગે વળી ગયાં હોય, તો મહદ અંશે એ માતાપિતાની નિષ્ફળતા છે. આમ છે તો માબાપોએ પસ્તાવો કરી, દેવપિતા પાસે

સ્વજવાબદારીઓ ચૂક્યાની કબૂલાત કરવાની જરૂર છે. અંતઃકરણપૂર્વક નાશને પંથે ભટકી ન જાય માટે માબાપો આગ્રહભરી પ્રાર્થના ચાલુ કરે તો જરૂર પ્રભુ સહાય આપશે. બાળકોને માબાપ તરીકે વધુપડતાં લાડ લડાવીને ફટવી ન મારો! જો માબાપો ઈશ્વર ભયમાં સાચે જ જીવન જીવતાં હશે તો બાળકોને પણ ખરા રાહ પર લાવી શકશે.

* $20/ "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"ને દાન માટે શ્રી. એલ્વીના કોન્ટ્રાક્ટરનો આભાર!
* એપ્રિલ-12માં જોયસબેન અને જોયલભાઈના 'પ્રેયર હાઉસ' ખાતે 'પેશન વીક' દરમ્યાન સીનિયર સીટીઝનના વાઈસ પ્રેસીડેન્ટશ્રી રાવજીભાઈ ક્રિશ્ચિયને સભાઓ ચલાવી હતી. એક દિવસ શ્રી. મહેન્દ્ર પરમારે 7 વાણી અંગે માર્મિક સમજ આપી હતી. પ્રાર્થના અને ભજનોથી સભા ભક્તિમય અને આશીર્વાદિત બની રહી હતી.
* હોબોકન ચર્ચ ખાતે "ઈસ્ટર"ની શાનદાર ઉજવણી કરવામાં આવી. ફેડરેશનના પ્રમુખ તરીકે શ્રી. જસ્ટીન ક્રિશ્ચિયને સર્વનો આવકાર કર્યો હતો. જોયસીબેન જોવેટે વચનની સેવા સંભાળી હતી. શ્રી. અનિલ મેકવાને સૌનો આભાર માન્યો હતો. શ્રી કેતન ક્રિશ્ચિયને ગરબાની રમઝટ બોલાવી હતી અને ઈલા જોબર્ટે ભોજનની વ્યવસ્થા સંભાળી હતી. સર્વના સહકારથી "ઈસ્ટર' ધામધૂમથી ઉજવાઈ હતી.

**હ્રદયસ્પર્શી વિદાય સમારંભ!**

"ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ"ના ઉપક્રમે 'ગુજરાતી માસ' સાથે વિદાય સમારંભનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. તા. 19 મે, 2012ને શનિવારે બપોરના 2:30થી ફા. ડૉ. એલેક્ષ જોસેફના શુભહસ્તે 'પવિત્ર ખ્રિસ્તયજ્ઞ'ની ધાર્મિક વિધિમાં સંસ્થાના સભ્યો અને પરિવરજનોએ ભક્તિભાવે ભાગ લીધો હતો. વુડબ્રીજ, ન્યુ જર્સી ખાતે આવેલા ભવ્ય "અવર લેડી ઑફ માઉન્ટ ચર્ચ"માં ગુજરાતી ભક્તિગીતો તાલ-સૂરે સમૂહમાં ગાવામાં સૌએ સાથ આપ્યો હતો. હાર્મોનિયમ પર શ્રી જગદીશ ક્રિશ્ચિયન અને ઢોલક પર સર્વશ્રી રજની અને અમિત મેકવાન સાથે કલ્પેશ ક્રિશ્ચિયને સંગત આપી હતી. પરસ્પર પ્રેમ અંગેના બાઈબલ વાચન પર ફા. એલેક્ષે પ્રભુ ઈસુના પ્રેમનો સંદેશો પોતાના જીવન વ્યવહાર દ્વારા વ્યક્ત કરવા અનુરોધ કર્યો હતો.

3:30 કલાકે ધાર્મિક વિધિ પૂરી થતાં ચર્ચની બાજુમાં જ આવેલા હોલમાં ફા. ડૉ. એલેક્ષનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. પ્રથમ હળવા નાસ્તા સાથે સામાજિકતાના માહોલમાં હળવા-મળવાના સમય બાદ ઉદઘોષક તરીકે શ્રી. કેતન ક્રિશ્ચિયને સૌને આવકારતાં ફા. એલેક્ષને વિદાય આપવાનો આજની સભાનો હેતુ જણાવતા હતા ત્યારે હળવા અવાજમાં *"આજ જાનેકી જીદ ન કરો"* ગીત-ગુંજનથી સાંકેતિક વિદાયની સૌને દુઃખ મિશ્રીત પ્રતિતિ થઈ હતી.

સંસ્થાના સ્થાપક અને વિદાય લેતા પ્રમુખશ્રી જોસેફ પરમારને મંચ પર બેઠક લેવા વિનંતી કર્યા બાદ કુ. શર્લિન પરમારના હસ્તે શ્રી. જોસેફ પરમારને કુ. પુષ્પગુચ્છ અર્પીને સન્માન કરવાના જવાબમાં તેમણે સંસ્થાની સ્થાપનાનો હેતુ, સંસ્થાની કાયદેસરતા અને બંધારણ અંગે માહિતી આપી હતી. બે વર્ષમાં આદર્શ પ્રણાલિકા, નાણાંકીય હિસાબની પારદર્શિતા, સભ્યોનો આર્થિક સહયોગ અને યોજાયેલા વિવિધ કાર્યક્રમોનો ઉલ્લેખ કરીને સૌનો આભાર માન્યો હતો. લોકશાહી નિયમ અનુસાર થયેલી સંસ્થાની સૌપ્રથમ ચૂંટણીમાં 9 કારોબારી સભ્યો માટે 8 ઉમેદવારો હોઈ સર્વાનુમતે ચૂંટાયેલા સભ્યો સર્વશ્રી જગદીશ ક્રિશ્ચિયન, શાંતિલાલ પરમાર, જેમ્સ જખાર્યા, રજની મેકવાન, દિપક પરમાર, ફિલોમિના પરમાર, અમિત મેકવાન અને એરિક લિયોને સૌએ તાળીઓથી વધાવ્યા હતા. વધુમાં 2012-13-14ની ત્રણ વર્ષની ટર્મ માટે સર્વાનુમતે ચૂંટાયેલા પ્રમુખ તરીકે શ્રી.શાંતિલાલ પરમારને મંચ ઉપર આમંત્રિત આપતાં સૌ સભાજનોએ તાળીઓથી ખુશી વ્યક્ત કરી હતી. કુ. હર્ષિની કુમારના હસ્તે પુષ્પગુચ્છથી નવા પ્રમુખશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ પોતાને પસંદ કરવા બદલ સૌનો આભાર માન્યો હતો. વિદાય લેતા પ્રમુખશ્રી જોસેફ પરમારની સેવાની સરાહના કરતાં આભાર માન્યો હતો અને સંસ્થાની પ્રગતિ અર્થે સૌના સહકાર માટે વિનંતી કરી હતી.

ફા. ડૉ. એલેક્ષ પોતાની ડૉક્ટરેટની ઉચ્ચ પદવી મેળવીને અમેરિકામાંથી વિદાય લઈ રહ્યાની શ્રી કેતનભાઈએ રજૂઆત કરીને તેમને મંચ પર બેઠક લેવાની વિનંતી કરતાં સભાજનોએ તાળીઓના ગડગડાટ સાથે ઊભા થઈને પોતાનો અહોભાવ વ્યક્ત કર્યો હતો. શ્રી જગદીશ ક્રિશ્ચિયને ફા. એલેક્ષનો પરિચય આપતાં તેઓના જન્મ, શિક્ષણ અને દીક્ષા બાદની વિવિધ સેવાઓની વિગતો આપી હતી. તેઓના 9-10 વર્ષના અમેરિકાના વસવાટ દરમિયાન ઉચ્ચ શિક્ષણ સાથે ન્યુયોર્કસ્થિત સેંટ પિટર ચર્ચમાં મદદનીશ પુરોહિત તરીકે લોકપ્રિયતા મેળવી હતી. આ સમય દરમિયાન "ગુ. કે. સ. ઑફ યુએસએ"ના કાર્યક્રમોમાં હાજરી આપીને પ્રસંગોપાત ગુજરાતી ખ્રિસ્તયજ્ઞના લાભ આપ્યા છે. ગુજરાતી કેથલિક પરિવારોના સારા-માઠા પ્રસંગોમાં, રૂબરૂ હાજર રહીને આધ્યાત્મિક હૂંફ આપીને જાણે કે સંસ્થાના અને પરિવારોના 'પ્રીસ્ટ' તરીકે કામગીરી કરી હોઈ સૌના પ્રિયપાત્ર રહ્યા છે.

ત્યારબાદ વિદાય પ્રસંગે ગાંધીનગરના માનનીય આર્ચબિશપ સ્ટેની ફર્નાન્ડિઝ અને અમદાવાદના માનનીય બિશપ થોમસ મેકવાનના આવેલા સંદેશાઓનું શ્રી કેતન ક્રિશ્ચિયને વાચન કર્યું હતું, સંસ્થા તરફથી સુંદર 'પ્લેક' ફા. એલેક્ષને અર્પણ કરવામાં આવતાં પહેલાં કુ. નોએલિયા રોયના હસ્તે ફાધરનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના જૂના-નવા સૌ કારોબારીની ઉપસ્થિતિમાં "પ્લેક' અર્પણની વિધિ ભાવપૂર્ણ બની રહી હતી.

રેવ. ડૉ. એલેક્ષે વિદાય પ્રવચન આપતાં પોતાની જવાબદારી એક ધર્મગુરુ તરીકે નિભાવીને પ્રભુ ઈસુનાં કાર્યો પોતા દ્વારા કરવા પ્રયત્નો કર્યાનો ઉલ્લેખ કરીને પ્રભુનો આભાર માન્યો હતો. ઉચ્ચ શિક્ષણના અભ્યાસના બોજ સાથે પેરિશની કામગીરી અને સ્થાનિક ગુજરાતી કેથલિકો સાથે સહકારાત્મક મેળાપને પોતાના જીવનનું કાયમી સંભારણું ગણાવતાં ગદગદ થઈ ગયા હતા. સભાજનો અશ્રુભીની આંખે ફાધરને સાંભળતાં અને વારંવાર તાળીઓથી પોતાનો પ્રેમ વ્યક્ત કરતા હતા. વિદાય લેતા ફાધરને સર્વશ્રી તુલસી માયલ, કિરીટ જખાર્યા, ફિલોમિના પરમાર, અનિતા ક્રિશ્ચિયન, અમિત મેકવાન, જુલિયસ મેકવાન,વગેરેએ અંગત પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. ઉદઘોષક શ્રી. કેતન ક્રિશ્ચિયન કાર્યક્રમના સંચાલનમાં જોગાનુજોગ ફા. એલેક્ષની વિવિધ સેવાઓની રજૂઆત કરતા રહેતા હતા.

અંતમાં "જોશ ચેરીટી ફાઉન્ડેશન" તરફથી "ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ"ને દાનમાં મળેલ 'સોની વાયો બ્રાન્ડ' લેપટોપ ફા. એલેક્ષને સંસ્થા તરફથી સપ્રેમ ભેટ આપવામાં આવ્યું હતું. ફા. એલેક્ષે અહોભાવે સંસ્થાનો અને સૌનો આભાર માન્યો હતો. ત્યારે પાશ્વસંગીત *"નગમે હૈ, શિકવે હૈ, રિસ્તે હૈ, બાતેં હૈ, યાદેં રહ જાતી હૈ, ચલે જાનેકે બાદ યાદ આતી હૈ"*ગુંજનથી સૌની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.

વ્યક્તિગત ભેટ અર્પીને ઘણાં પરિવારોએ ફા. એલેક્ષ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. ધર્મ અને સમાજના સમન્વયનું એક આગવું પ્રકરણ, એટલે ફા. એલેક્ષ અને અમેરિકાના ગુજરાતી કેથલિકોનો પરસ્પરનો સહકારાત્મક યાદગાર ઈતિહાસ!

ઈલા અને ક્લેરા ક્રિશ્ચિયન, માનસી અને પૂર્વી મેકવાન, એલેક્ષ રાઠોડ, ફ્લોરેન્સ મેકવાન, નીલા લિયો અને તુલસી અને ઝુલી માયલ તરફથી પ્રસંગ અનુસાર ફૂડ-સોડા-પેપર પ્રોડક્ટ્સ, વગેરે પૂરું પાડીને ઉદાર સહાય કરી હતી. ઉપરોક્ત મહિલાઓ સહિત શારદા અને ફિલોમિના પરમાર, ફિલિસ અને અનિતા ક્રિશ્ચિયન, કોકિલા કુમાર, વગેરેએ પિરસવાની વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો. સૌએ હાથોહાથ સહકારથી સભાખંડની વ્યવસ્થા અને સફાઈ સંભાળી લીધી હતી. સાઉન્ડ સીસ્ટમ શ્રી રજની અને અમિત મેકવાન બંધુઓએ સંસ્થાને વિનામૂલ્યે આપી-સંભાળીને સહાય કરી હતી.

* મૂળ મંજીપુરાના ખ્રિસ્તી પરિવારમાં જન્મેલા ડો બીનાબેન મહીડા ."આણંદ આર્ટસ કોલેજ"ના આચાર્ય પદે નિમાયા છે ત્યારે તેમને અભિનંદન પાઠવતા ખૂબ જ આનંદ થાય છે. પોતાની જવાબદારી પૂર્ણ કરવા પ્રભુ તેમને પ્રેરણા પૂરી પાડે તેવી પ્રાર્થના!
* "ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ"ના ઉપક્રમે 'લેન્ટ' સમય દરમિયાન દર શુક્રવારે ભક્તિસભાનું આયોજન ઘાણું સફળ રહ્યું. દર વીકે આમંત્રણ આપતાં પરિવારના નિવાસે 35-40 ભાવિકો ભાગ લેતા હતા. કેથલિકો મધર મેરીને આદર આપીને તેમના મારફતે પ્રભુ ઈસુને વિનંતી-પ્રાર્થનાઓ મોકલી આપવામાં શ્રધ્ધા ધરાવે છે. મે મહિનો "માતા મરિયમ"ના મહિના તરીકે ઉજવાય છે. સંસ્થા મે માસમાં પણ દર શુક્રવારે જુદા જુદા કુટુંબોમાં રાતના 9થી 10:15 સુધી ભક્તિસભા યોજી પ્રાર્થના કરતા હતા.
* મે 13, 2012ના રોજ "માતૃદિન" નિમિત્તે કેટલીક સંસ્થાઓએ ઉજવણી રાખીને માતાઓનું સન્માન કર્યાના હેવાલો છે. અનેક કુટુંબોમાં પણ "માતૃદિન"ની ભાવભરી ઉજવણી થઈ હતી. "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"ના વાચકોના ફેમિલીની સૌ માતાઓને હાર્દિક શુભેચ્છા પાઠવતાં આનંદ અનુભવે છે! જૂનમાં ઉજવાતા "પિતૃદિન" નિમિત્તે સૌ વાચક પિતાઓને ACN તરફથી હાર્દિક શુભેચ્છાઓ!
* આ સમાચારપત્રના માનદ તંત્રી જોસેફ પરમારનાં સ્વ. પત્ની સુશીલાબેન પરમારની 31 મે દિવસે પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર પરિવાર તરફથી હાર્દિક શ્રધ્ધાંજલિ!

* "પાવન હૃદય દૂત" સામયિકના માનદ તંત્રી ફ્રા. વિનાયક જાદવ અમેરિકાની મુલાકાતે પોતાની પી. એચ. ડી. ની ઉચ્ચત્તમ શૈક્ષણિક ડૉક્ટરેટ પ્રાપ્ત કરવા આવ્યા છે. 19 મેના રોજ કેનેડાસ્થિત ગુજરાતી કેથલિક પરિવારો માટે ગુજરાતીમાં "પવિત્ર ખ્રિસ્તયજ્ઞ" સાથે મિલન સભાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ખાસ નોંધ: ગયા અંકમાં * NRI માટે "ઈન્ડિયન ગવર્મેન્ટ" તરફથી એક નવો કાયદો એપ્રિલ 2012થી 'ન્યુ ડાયરેક્ટ ટેક્ષ કૉડ' અમલમાં આવ્યો નથી. માર્ચ, 2012ની છેલ્લી તારીખે ઈન્ડિયન ગવર્મેન્ટે -જો 'નાણાંકીય વર્ષ'માં 60 દિવસ કે તેથી વધુ રોકાણ ઈન્ડિયામાં થાય તો તેવી વ્યક્તિએ પોતાની 'ગ્લૉબલ ઈન્કમ'-દુનિયાભરમાં પોતાની 60 દિવસમાં થયેલી આવક ઉપર ટેક્ષ ચૂકવવો પડે, અને સત્તાવાર "ટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટ" રજૂ કર્યા બાદ જ ઈન્ડિયા છોડી શકાય.- તેવો **કાયદો હાલપૂરતો મુલત્વી રાખ્યો છે,** જેની ખાસ નોં લેવી.

માર્ચ એપ્રિલ **મે** અને **જૂન 2012** વિઝા બુલેટીન

| ફેમિલિ કેટેગરી | માર્ચ-12 | એપ્રિલ-12 | મે-12 | **જૂન -12** |
|---|---|---|---|---|
| **F-1** | 01 Feb.-05 | 01 April-05 | 01 May-05 | **22 June 05** |
| **F-2 A** | 22 July-09 | 08 Oct-09 | 15 Nov-09 | **01 Jan 10** |
| **F-2 B** | 15 Nov.-03 | 16 Jan-04 | 22 Feb-04 | **15 April 04** |
| **F-3** | 01 Jan-02 | 15 Feb-02 | 08 Mar-02 | **01 April 02** |
| **F-4** | 08 Oct.-00 | 08 Nov-00 | 01 Dec-00 | **08 Jan 01** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, ચારેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને પોતાના વિઝા માટે ધીરજ રાખવી.**

ઉપરોક્ત કોઠા મુજબ **જૂન -2012ની વિઝાની વિગત** નીચે મુજબ છે:-

**F-1**-અમેરિકન સીટીઝનનાં અપરણિત સંતાનો-**22 June, 2005** ગયા માસથી **52 દિવસ આગળ** વધી, એટલે સારી એવી આગળ વધી ગણાય.
(યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **01 January, 2019** (ગયા મહિનાથી **47 દિવસ** આગળ ગઈ છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો- **15 April, 2004** (ગયા મહિનાથી હવે આ મહિને **53 દિવસ આગળ વધી છે.** આ કેટેગરી હવે દર માસે આગળ વધશે, તેમ જણાય છે.)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**01 April, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 29 દિવસ આગળ વધી** છે)

**F-4**–**US સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**08 January, 2001**
(ગયા મહિનાથી આ ફાઈલ **ફક્ત 38 દિવસ આગળ વધી છે,** ખરેખર તો અગાઉ જ્યાં પહોંચી હતી, ત્યાંથી હજી **10 મહિના 22 દિવસ પાછળ** જ છે)

**આ મહિને F-3 સિવાયની બધી કેટેગરી આગળ વધી છે, જે માબાપો માટે વધુ ધીરજ માગી લે છે.** uscis.gov વેબ સાઈટ ઉપર મુકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો** બીજાં પેપરોની રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની ફાઈલ ચાલુ જ છે. **બંધ થઈ નથી.**


**From:- AMERICAN CHRISTIAN NEWS**

Community Paper soliciting your Co-operation

1. **I.D. # 11-2917985 August 28, 1988**
2. **"Gujarati Christian Church"**

17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

**Phone # (732) 750-4064**


**ગોળ:** આયુર્વેદના મહર્ષિ ભાવમિશ્ર ગોળના ગુણોથી પ્રભાવિત થઈને લખે છે કે, **ગોળ આદું સાથે** લેવાથી **કફને, હરડે સાથે** લેવાથી **પિત્તને** અને **સૂંઠ સાથે** લેવાથી **વાયુને મટાડે છે.** ગોળ બળ આપનાર, વિર્ય અને વજન વધારનાર, શ્વાસ, મૂર્છા, દુર્બળતામાં ખૂબ હિતકર, પથરી, જીર્ણજ્વર, રક્તપિત્ત, બળતરા, તરસ, ક્ષયમાં ગોળ હિતકર છે.

* તા. 26 મે, 2012ના શનિવારે ફ્રા. વિનાયક જાદવના શુભહસ્તે "પવિત્ર ખ્રિસ્તયજ્ઞ" અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી. જગદીશ ક્રિશ્ચિયનના નિવાસે ગુજરાતીમાં આ ભક્તિયજ્ઞમાં મોટી સંખ્યામાં ગુજરાતી કુટુંબો ભક્તિભાવે જોડાયાં હતાં. પવિત્ર આત્મા અંગેના બાઈબલ વાચન ઉપર ફ્રા. પ્રભાવશાળી સંદેશો પાઠવ્યો હતો.

* અમેરિકામાં દર વર્ષે મે મહિનાના છેલ્લા સોમવારનો દિવસ "મેમોરિયલ ડે" તરીકે મનાવાય છે. ખાસ તો દેશ માટે શદીદ થયેલા સૈનિકોને શ્રધ્ધાંજલિ આપવાના આ દિવસે ખ્રિસ્તી કબ્રસ્થાનોમાં "પવિત્ર ખ્રિસ્તયજ્ઞ" યોજાય છે, જેમાં હજારો લોકો ભાગ લે છે.

* ગુજરાતી ક્રિશ્ચિયન પરિવારોમાં ઉજવાતા પ્રસંગો, સંસ્થાના કાર્યક્રમો, વ્યક્તિગત ખાસ નવી વિગતો, જો "અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ"ને લેખિત જાણ કરવામાં આવશે તો પ્રસિધ્ધ કરીશું. આ સમાચાર પત્ર મેળવવા માટે આપનું સરનામું લખી મોકલવાથી કે આપનું ઈ-મેલ એડ્રસ મોકલવાથી રવાના કરવામાં આવશે. આપનાં સૂચનો આવકાર્ય છે.

* લગ્ન વિષયક જાહેરાત વિનામૂલ્યે પ્રસિધ્ધ કરવામાં આવશે. યુવક-યુવતિઓની જરૂરી વિગતો મોકલી આપવા વિનંતી.

"યુએસ સીટીઝનશીપ ગાઈડ"ની નવી **આવૃતિ** વધારાની કાયદાકીય ઉપયોગી માહિતી સાથે **મોટા અક્ષર** અને ખાસ **તો ઈન્ટરવ્યુને ધ્યાનમાં રાખીને** તૈયાર કરેલી છે. આ ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી,** તેથી અમેરિકાનાં **50-પચાસે રાજ્યોમાં** ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", "બુટાલા એમ્પૉરિયમ" (ફ્લશિંગ અને ન્યુયૉર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસેથી મળે છે. ગુજરાતી અરજદાર આ ગાઈડ મુજબ તૈયારી કરે તો ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ જાગે છે. $8.00નો ચેક કે મની ઑર્ડર **Josh Foundation** નામે લખીને 45cની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલવાથી **10**–દસ દિવસમાં આપને મળી જશે. (આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી $8.00ના બદલે ઉદાર દિલે $11.00-$100.00 સુધી કે તેથી વધુ રકમનો ચેક મોકલીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! હવે ઘણાખરા $8.00ના બદલે ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તે તમામ ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉંડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, તે મંગાવવા ***$4.00*** *ઉમેરવા)*

**સવારના 10 પહેલાં** અને સાંજના **7 પછી** ફોન કરવો નહિ.

**ખુશ ખબર:-**"સોશિયલ દર્પણ"ની બીજી આવૃત્તિ **"અમેરિકામાં સીનિયરોને મળતા લાભો"** નામે કદાપિ એપ્રિલ 2012ની આખર સુધીમાં પ્રસિધ્ધ થનાર છે. કિંમત અને કેવી રીતે મેળવી શકાશે તે માટે **"ગુજરાત દર્પણ" વાંચતા રહેજો!** (આ બાબતે ફૉન કરવો નહીં)

**To,**